સૂર્યસિંધુ

Dharampur 20 March, 2020

# ‘શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ’ દ્વારા ઉચ્ચ અભ્યાસ સાથે ઔદ્યોગિક કંપનીઓમાં ઈન્ટર્નશીપ અપાઈ રહી છે

**ધરમપુર**

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર સંચાલિત ‘શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ’ દ્વારા સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈની પ્રેરણાથી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની સાથે સાથે ઔદ્યોગિક એકમોમાં રોજગારીની તકો પણ આપવામાં આવી રહી છે. જે એક સરાહનીય કાર્ય આશ્રમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ઉચ્ચ અભ્યાસ કરનાર વિદ્યાર્થીની સ્વાભાવિક ઈચ્છા તેના અભ્યાસ થકી તે સારી કારકિર્દી બનાવી શકે તેવી હોય છે. આથી એ મહત્વપૂર્ણ બની જાય છે કે તેના શૈક્ષણિક જ્ઞાન અને વાસ્તવિક ઉદ્યોગો વચ્ચે કોઈ સેતુ હોય. પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈની પ્રેરણાથી



ધરમપુર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ દ્વારા સંચાલિત શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠમાં B.Sc.અને M.Sc. નો અભ્યાસક્રમ લેવામાં આવે છે. વીર નર્મદ યુનિવર્સિટી સાથે સંલગ્ન વિજ્ઞાનપ્રવાહની કોલેજોમાંની આ એક માત્ર એવી કોલેજ હશે જે વિદ્યાર્થીઓને આસપાસની ઔદ્યોગિક કંપનીઓમાં ઈન્ટર્નશીપ માટે મોકલે છે. કે જેથી તેઓ ઔદ્યોગિક કાર્યનો પ્રત્યક્ષ અનુભવ લઈ શકે. આ ઈન્ટર્નશીપ કેમિસ્ટ્રી તથા માઈક્રોબાયોલોજીના વિદ્યાર્થીઓને કરાવવામાં આવે છે, જે ૧૦ થી ૧૨ દિવસની હોય છે. હાલ T.Y.B.Sc. અને M.Sc.માં અભ્યાસ કરતાં 30% વિદ્યાર્થીઓને આ ઈન્ટર્નશીપ કરાવવામાં આવી છે અને ભવિષ્યમાં ૧૦૦ઠ વિદ્યાર્થીઓને કરાવવાનો તેમનો ઉદ્દેશ્ય છે. આવી ઈન્ટર્નશીપ દ્વારા વિદ્યાર્થીઓને આ ઉદ્યોગો વાસ્તવમાં કઈ રીતે ચાલે છે, તેની કાર્ય પદ્ધતિ શું છે, કેવા મશીનો વપરાય છે? તે મશીનો ચલાવવા કયા પ્રકારની કુશળતા જાઈએ? વગેરેની જાણકારી મળે છે.

આ જ ઉદ્દેશ્ય સાથે ‘શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ’ના T.Y.B.Sc. અને M.Sc.માં અભ્યાસ કરતાં કેમિસ્ટ્રી તથા માઈક્રોબાયોલોજી વિષયના કુલ ૧૮૦ વિદ્યાર્થીઓને વાપીની એક કંપનીમાં ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ માટે લઈ જવામાં આવ્યા હતા. આ વિઝિટ દ્વારા તેઓએ અત્યાધુનિક મશીનરી અને તેના ઔદ્યોગિક ઉપયોગો વિષેની વિસ્તૃત જાણકારી મેળવી હતી.

‘શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ’ની વિદ્યાર્થીઓને ઔદ્યોગિક કંપનીઓમાં ઈન્ટર્નશીપ માટે મોકલવાની આ પહેલ, શિક્ષણ અને વાસ્તવિક ઉદ્યોગો વચ્ચે સેતુરૂપ બની વિદ્યાર્થીઓને યોગ્ય કારકિર્દી ઘડવામાં સહાયરૂપ બને છે. તે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોના સિદ્ધાંતોને વધુ ઉંડાણપૂર્વક સમજવામાં મદદરૂપ બને છે, જે તેમને પરીક્ષાઓની તૈયારીઓમાં પણ ઉપયોગી થાય છે. સાથે જ અહીં તેઓને જાહેર ક્ષેત્રોની રીતભાત તેમ જ પર્સનાલિટી ડેવલપમેન્ટની પ્રવૃત્તિઓ અને અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ યોગ્ય કારકિર્દી માટેનું માર્ગદર્શન અને સહકાર પણ આપવામાં આવે છે.